નાં. એન.એ./લે.રે.કો.ક./૬૫/કેસ નં.૧૧૪/૧૪–૧૫

જિલ્લા સેવા સદન,
કલેકટર કચેરી,
બિનખેતી શરતભંગ શાખા,
ગ્રોફ રોડ, રાજકોટ.
તા.૧૫/૧૨/૨૦૧૪

વિષય :: *રાજકોટ તાલુકાનાં ઘંટેશ્વર સર્વે નંબર–૭૩ પૈકી ૧/ પૈકી ૧ ની જમીન ચો.મી.૧૫૧૭૬–૦૦ પૈકી પ્રપોઝડ ટી.પી.રોડ તથા ટી.પી.રીઝર્વેશન મળી કુલ કપાત થતી જમીન ચો.મી.૫૩૧૧–૬૦ બાદ કરતા બાકી રહેતી જમીન ચો.મી.૯૮૬૪–૪૦ ને રહેણાંક હેતુ માટે બીનખેતી પરવાનગી આપવા બાબત.*

વંચાણ ::

(1) *અરજદારશ્રી નરેન્દ્રસિંહ દશરથસિંહ જાડેજા, રહેવાસી : ઘંટેશ્વરની તા.૦૧/૧૦/૨૦૧૪ ની અરજી*

(2) *નાયબ કલેકટરશ્રી, રાજકોટ શહેર–૨, રાજકોટનાં તા.૨૭/૧૦/૨૦૧૪ નાં પત્ર ક્રમાંક : પ્રાંક–૨/જમન–૨/બિનખેતી/કેસ નં.૬૮/૨૦૧૪*

(3) *ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, રાજકોટનાં તા.૨૭/૧૦/૨૦૧૪ નાં પત્ર ક્રમાંક : એલ.એ.કયુ./ઘંટેશ્વર/વશી/૮૪૧/૧૪,૨જી.નં.૬૫૩/૧૪*

(4) *નાયબ કલેકટરશ્રી, જમીન સંપાદન અને પુનઃવસવાટ (સિંચાઈ) રાજકોટનાં તા.૨૭/૧૦/૧૪ નાં પત્ર ક્રમાંકઃ એલ.એ.કયુ/એ/બિનખેતી/૨જી.નં.૨૩૩/૧૪/૧૩૨૧*

(5) *મામલતદારશ્રી, રાજકોટ તાલુકાનાં તા.૨૨/૧૦/૨૦૧૪ નાં પત્ર ક્રમાંક : જમન/એન.એ./ઘંટેશ્વર/વશી/૬૯૭૦/૧૪*

(6) *નગર નિયોજકશ્રી, શહેરી વિકાસ સતામંડળ, રાજકોટનાં તા.૩૦/૧૦/૨૦૧૪ નાં પત્ર ક્રમાંક : રૂડા / ટેક / ડેવ / ઘંટેશ્વર /૩૪૩/૧૪/૮૨૬૭*

(7) *ડિસ્ટ્રીકટ ઈન્સપેકટર લેન્ડ રેકર્ડઝ, રાજકોટનાં તા.૨૯/૧૦/૨૦૧૪ ના પત્ર ક્રમાંક : એચ.કયુ.એ./વશી/૫૮૧/૧૪–૧૫*

(8) *Executive Enginner, GETCO, Rajkot*
(1) Date : 17/09/2014, Ref No.14-15/DN/RAJ/O&M/9/1938
(2) Date : 3/11/2014, Ref No.14-15/DN/RAJ/O&M/9/2297

(9) *નગર નિયોજકશ્રી, શહેરી વિકાસ સતામંડળ, રાજકોટનાં તા.૧/૯/૨૦૧૪ નાં વર્ગીકરણ પત્ર ક્રમાંક : રૂડા/ટેક/ડેવ/ઘંટેશ્વર/૩૪૩/૧૪/૭૫૯૭*

(10) *આ કચેરીની તા.૦૬/૧૨/૨૦૧૪ ની નોંધ પરનો આદેશ*

(11) *અત્રેના અધિકારો અનામત રાખ્યાના જાહેરનામા ક્રમાંક : ડીઓ/રેવ/પાવર્સ/વશી / ૧૫૦૨, તા.૧૯/૩/૧૯૯૩*

(12) *સરકારશ્રીના મહેસુલ વિભાગના તા. ૨૨/૪/૨૦૦૩ નાં પરિપત્ર નાં.એલઆરસી / ૧૦/૨૦૦૨/૧૬૪૦/ થી રૂપાંતર કર તથા બિનખેતી આકારનાં નકકી થયેલ દર*

(13) *સરકારશ્રીનાં મહેસુલ વિભાગ, ગાંધીનગરનાં તા. ૧/૭/૨૦૦૮ તથા તા.૮/૪/૨૦૧૧ નાં સરખા ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક.*

–: હુકમ :–

વિષય પરત્વેની ખેતીની જમીનમાં હાલનાં ધારણકર્તા ખાતેદારશ્રી **નરેન્દ્રસિંહ દશરથસિંહ જાડેજા** તરફથી રાજકોટ તાલુકાના **ઘંટેશ્વર** ગામનાં ગામ નમુના નાં.૮–અ ના ખેતી ખાતા નાં.૨૦૩ ના સ.નં. ૭૩ પૈકી ૧/ પૈકી ૧ ની જમીન ચો.મી.૧૫૧૭૬–૦૦ પૈકી પ્રપોઝડ ટી.પી.રોડ તથા ટી.પી.રીઝર્વેશન મળી કુલ કપાત થતી જમીન ચો.મી.૫૩૧૧–૬૦ બાદ કરતા બાકી રહેતી જમીન ચો.મી.૯૮૬૪–૪૦ ને રહેણાંક હેતુ માટે બિનખેતી આકાર નકકી કરવા અત્રેને વંચાણ–૧ મુજબ અરજી રજુ કરવામાં આવેલ છે. અરજદારની અરજી સંબંધમાં સબંધિત ખાતાઓ / કચેરીઓના 'ના–વાંધા પ્રમાણપત્ર' મંગાવવામાં આવેલ, જે ઉપરોકત વંચાણ– ૨ થી ૮ સુધીના દર્શાવેલ પત્રોથી અત્રે મળેલ છે. જેમાં કોઈ તરફથી વાંધાજનક હકીકત રજુ થયેલ નથી. સવાલવાળી જમીનનો લે–આઉટ પ્લાન નગર નિયોજકશ્રી, શહેર વિકાસ સતામંડળ, રાજકોટનાં વંચાણ–૯ ના પત્રથી મંજુર કરેલ છે.

RATNAM ENTERPRISE.
PARTNERS.

આમ ઉપરોકત વિગતે વંચાણ–૨ થી ૮ સુધીના લગત કચેરીઓનાં અભિપ્રાયોનું અવલોકન કરતાં સવાલવાળી જમીન રહેણાંક હેતુ માટે બિનખેતી આકાર નકકી કરવા પરવાનગી આપવા હરકત સરખુ જણાતું ન હોય, રાજકોટ તાલુકાના ઘંટેશ્વર ગામના સ.નં. ૭૩ પૈકી ૧/ પૈકી ૧ ની જમીન ચો.મી.૧૫૧૭૬–૦૦ પૈકી પ્રપોઝડ ટી.પી.રોડ તથા ટી.પી.રીઝર્વેશન મળી કુલ કપાત થતી જમીન ચો.મી.૫૩૧૧–૬૦ બાદ કરતા બાકી રહેતી જમીન ચો.મી.૯૮૬૪–૪૦ ને રહેણાંક ને લેન્ડ રેવન્યુ કોડની કલમ–૬૫ અનુસાર તથા વંચાણ–૧૧ ના જાહેરનામાથી અમોને મળેલ અધિકારની રૂએ તથા વંચાણ–૧૩ મુજબનાં ઠરાવની જોગવાઈ મુજબ નીચે જણાવેલ શરતોને આધીન રહીને રહેણાંક હેતુ માટે બિનખેતી આકાર નકકી કરવાની આથી પરવાનગી આપવામાં આવે છે.

વિષય પરત્વેની જમીનનો રહેણાંક હેતુ માટેનો બિનખેતી આકાર નકકી કરવા બાબતે વંચાણ–૧૦ તળે મળેલ આદેશની વિગતે અત્રેનાં તા. ૦૮/૧૨/૨૦૧૪ નાં પત્ર અન્વયે અરજદારશ્રીએ તેમનાં તા.૦૮/૧૨/૨૦૧૪ ની અરજીથી સદર જમીન ચો.મી.૯૮૬૪–૪૦ ને રહેણાંક હેતુ માટે બીનખેતી પરવાનગી આપવા સંદર્ભે સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમાનુંસાર રૂપાંતર કરની રકમ, માપણી ફી ની રકમ તથા સદર જમીનનો બીનખેતી આકાર, લોકલફંડ તથા શિક્ષણ ઉપકરની રકમ સરકારશ્રીમાં ભરપાઈ કર્યાનાં આધારો નીચે મુજબની વિગતે અત્રેને રજુ કરેલ છે.

બિનખેતી કરવાની થતી જમીનનુ ક્ષેત્રફળ : ચો.મી. ૯૮૬૪–૪૦					
ક્રમ	વિગત	રૂપાંતર કર / બીનખેતી આકાર (દર ચો.મી.દીઠ)	વિગત		
			ચલણ / પહોંચ નંબર–તારીખ	રકમ રૂા.	રકમ ભરપાઈ કર્યાનું સ્થળ
૧	બીનખેતી હેતુ માટે રૂપાંતર કરનું ચલણ	રૂા. ૧૦–૦૦	972 Dt. 08/12/2014	98,644/- (અંકે રૂપિયા : અઠાણું હજાર છસ્સો ચુમાલીસ પૂરા)	S.B.I. રેષ્કોર્ષ રોડ, શાખા, રાજકોટ
૨	બીનખેતી આકાર, લોકલફંડ તથા શિક્ષણ ઉપકરની પહોંચ	રૂા.૦–૨૫ પૈસા	25 Dt. 08/12/2014	740/- (અંકે રૂપિયા : સાતસો ચાલીસ પૂરા)	તલાટી દફતરે
			22 Dt. 08/12/2014	7,400/- (અંકે રૂપિયા : સાત હજાર ચારસો પૂરા)	તલાટી દફતરે
૩	બીનખેતી હેતુ માટે માપણી ફીનું ચલણ	જમીન દફતર કચેરીએ નિયત કર્યા મુજબ	979 Dt. 08/12/2014	31,500/- (અંકે રૂપિયા : એકત્રીસ હજાર પાંચસો પૂરા)	S.B.I. રેષ્કોર્ષ રોડ, શાખા, રાજકોટ

અરજદારશ્રી તરફથી ઉકત વિગતે રજુ કરાયેલ ચલણ તથા પહોંચની નકલો કામે સામેલ રાખેલ છે. જે ધ્યાને લઈ સવાલવાળી આ ખેતીની જમીનનો રહેણાંક હેતુ માટે બિનખેતી આકાર નીચેની શરતોને આધીન રહીને નકકી કરવામાં આવે છે, જે ખાતેદાર તથા ઉત્તરોત્તર જમીન કે મકાન ખરીદનારાઓને લાગુ પડશે.

સવાલવાળી જમીનમાં ટી.પી.સ્કીમ અમલી બન્યેથી તેમાં આવતા ફેરફારો અરજદારો તથા ઉતરોતર ખરીદનારાઓને બંધનકર્તા રહેશે. સવાલવાળી જમીનનાં નગર નિયોજકશ્રી, શહેરી વિકાસ સતામંડળ, રાજકોટના પત્ર નાં.રૂડા / ટેક / ડેવ / ઘંટેશ્વર / ૩૪૩ / ૧૪ / ૭૫૯૭, તા.૧/૯/૨૦૧૪'થી સદર જમીનનાં મંજૂર કરાયેલ લે–આઉટ પ્લાન સંદર્ભની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે. અરજદારશ્રીએ સદરહુ જમીનમાં રોડ, રસ્તા, લાઈટ, પાણી તથા વરસાદીપાણીના નિકાલ તથા ગટરની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશે. સદરહુ જમીન ઉપર બાંધકામ પરવાનગી આપતા પહેલા સંબંધીત સતાધિકારીએ જમીનનાં રોડ,રસ્તા,વીજલાઈન,ટેલ્વેલાઈન,કેનાલ, બાંધકામરેખા, નિયંત્રણરેખા, એપ્રોચ વિગેરે ચકાસી તે અંગેના નિયમો ધ્યાને લઈ તે અનુસાર જ બાંધકામ / વિકાસ પરવાનગી આપવાની રહેશે.

RATNAM ENTERPRISE
PARTNERS.

—: શરતો :—

1. ડિસ્ટ્રીક્ટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ દ્વારા ઈશ્યુ કરાયેલ માપણીશીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે—આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવેલ હોવો જોઈએ.
2. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાનાં રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજાચીઠ્ઠી મેળવી શકશે નહી.
3. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીગનાં નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.
4. મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.
5. અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે—તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાનાં મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.
6. ઔદ્યોગિક હેતુ માટે મંજૂરી માંગેલ હોય તો બાંધકામ કરતા પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.
7. ફ્લોર મીલ, સિનેમા / ટુરીંગ સિનેમા / થીયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
8. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
9. ઈન્ડીયન એક્ષપ્લોઝીવ એકટ અન્વયે મેંગેનીઝ, ફાયરવર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતાં પહેલા જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
10. સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.
11. સવાલવાળી જમીન જો રેલ્વે હદથી નજીક હોય તો રેલ્વેની હદની ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.
12. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર / હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવાં અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.
13. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું **"ના વાંધા પ્રમાણપત્ર"** સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે.
14. ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.
15. ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.
16. નર્મદા કેનાલ / અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.
17. અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈનું પાલન કરવાનું રહેશે.
18. અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન / જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
19. અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ—૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદની જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

RATNAM ENTERPRISE.

PARTNERS.

20. સવાલવાળી જમીન રાજકોટ તાલુકાના ઘંટેશ્વર ગામના સર્વે નંબર–૭૩ પૈકી ૧/ પૈકી ૧ ની જંત્રીમાં ચો.મી.૧૫૧૭૬–૦૦ પૈકી પ્રપોઝડ ટી.પી.રોડ તથા ટી.પી.રીઝર્વેશન મળી કુલ કપાત થતી જમીન **ચો.મી.૫૩૧૧–૬૦ બાદ કરતા બાકી રહેતી જમીન ચો.મી.૯૮૬૪–૪૦ ને ફકત** <u>રહેણાંક હેતુ</u> માટે જ બિનખેતી આકાર નકકી કરવા પરવાનગી આપવામાં આવે છે, તે સિવાય અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહી. ટી.પી. રોડ તથા ટી.પી. રીઝર્વેશનવાળી જમીન શ્રી સરકારનાં ખાતે રાખવા નોંધ કરવાની રહેશે.

21. સવાલવાળી જમીનના મંજુર કરેલ લે–આઉટ પ્લાનને અનુરૂપ પ્લોટવાઈઝ ડીટેઈલ્ડ બિલ્ડીંગ પ્લાન તથા સાઈટ એલીવેશન પ્લાન આ હુકમ મળ્યાની તારીખથી ત્રણ માસની અંદર અરજદારશ્રીએ શહેરી વિકાસ સતામંડળ, રાજકોટ પાસે મંજુર કરાવવાના રહેશે તથા છ માસની અંદર બાંધકામ શરૂ કરવાનું રહેશે અને બે વર્ષમાં બાંધકામ પુર્ણ કરવાનું રહેશે.

22. વિષય પરત્વેની જમીનનો બીનખેતી આકાર નકકી કરવા સંદર્ભે અરજદારશ્રીએ જમીન દફતર કચેરી, રાજકોટ તરફથી નિયત કરાયેલ જમીનની માપણી ફીની રકમ સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમાનુંસાર સરકારશ્રીમાં ભરપાઈ કર્યાનાં આધારો અત્રે રજુ કરેલ હોય તે મુજબ દિવસ–૩૦ માં અરજદારશ્રીએ જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, રાજકોટની કચેરીમાં સવાલવાળી જમીનની માપણી કરાવી માપણી શીટની નકલ અત્રેને રજુ કરવાની રહેશે.

23. સાર્વજનીક પ્લોટ તરીકે અનામત રાખવામાં આવેલ જગ્યાનો ઉપયોગ સાર્વજનીક હેતુ માટે જ થઈ શકશે. તે સિવાય વ્યકિતગત ઉપયોગ માટે વેંચાણ, ગીરો, બક્ષીસ કે હરરાજી કે અન્ય કોઈપણ પ્રકારેના વેંચાણ વ્યવહાર થઈ શકશે નહી, તેમજ કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીના રહીશોની સહીયારી માલીકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરોની સહિયારી માલીકીની ગણાશે, તે ઉપર મૂળ માલીકનો કોઈ હકક રહેશે નહી.

24. બાંધકામના નિયમોની જોગવાઈ પ્રમાણે સોસાયટીની એટલે કે બધાની સહીયારા ઉપયોગ માટે કલબ, ઓફીસનું મકાન, સહકારી ભંડાર બાંધવા કોમન પ્લોટના ૧:૬ ભાગના ક્ષેત્રફળમાં બાંધકામ કરવા પ્લોટ હોલ્ડરો ઈચ્છે તો મંજુરી મેળવી તેમ કરી શકે છે, તે સિવાયના કોઈપણ હેતુ માટે સાર્વજનીક પ્લોટનો ઉપયોગ હોય તો પણ કોમન પ્લોટમાં બાંધકામ કરી શકાશે નહી.

25. રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરરાજીથી, બક્ષીસથી કે અન્ય કોઈપણ રીતે વેચાણ કે તબદીલી થઈ શકશે નહી.

26. આ હુકમની શરત નં. ૨૨ નું પાલન થયે તેમજ અપીલ પીરીયડ પુરો થયા બાદ સનંદ નિયત નમુનામાં તૈયાર કરી **મામલતદારશ્રી, રાજકોટ** તાલુકાએ અત્રે મોકલી આપવાની રહેશે.

27. સાર્વજનીક પ્લોટ તથા રસ્તા સહિતની સમગ્ર જમીનનો બિનખેતી આકાર પ્લોટ વેંચાણ કરવામાં આવે ત્યાં સુધી મુળ ખાતેદાર અને પ્લોટ વેંચાણ કર્યેથી તમામ પ્લોટ હોલ્ડરોએ પ્રમાણસર ભરવાનો રહેશે.

28. હાલમાં નકકી કરેલ તે દરે તથા સરકારશ્રી તરફથી વખતોવખત નકકી થાય તે દરે બિનખેતીનો આકાર ભરવાનો રહેશે.

29. લાગુ બિનખેતી થયેલ જમીનમાંથી પ્રવેશ મેળવેલ હોય તો તે જમીન માલીકની પ્રવેશ અંગેની સંમતિ મેળવવાની રહેશે, તેમજ સ્થળ પર લાગુ રસ્તાઓ આવતા હોય તો પણ મેળવી લેવાના રહેશે તથા તે અરજદારોને તથા ઉત્તરોત્તર ખરીદનારાઓને બંધનકર્તા રહેશે. રસ્તા કાયમી ધોરણે ખુલ્લા રાખવાના રહેશે.

30. સરકારશ્રીમાંથી આ બાબતે વખતો વખત સુધારા થાય તે મુજબની શરતો લાગુ પડશે.

31. સવાલવાળી જમીનનો રહેણાંક હેતુ માટેનો બિનખેતી આકાર દર ચો.મી.એકના ૦–૨૫ પૈસા મુજબ તા.૧/૮/૨૦૧૪ થી લેવાનો રહેશે અને મંજુર કરેલ લે–આઉટ પ્લાન મુજબ વિગતવાર બિનખેતી આકાર પ્લોટવાઈઝ આ સાથેના પત્રક મુજબ મુકરર કરવામાં આવે છે. બિનખેતી આકાર નજીકનાં દશાંશમાં વસુલ કરવાનો રહેશે.

RATNAM ENTERPRISE.

PARTNERS.

32. સવાલવાળી જમીન બાબતમાં કોઈપણ નામદાર કોર્ટમાં કોઈ કેસ ચાલતો હશે તો તે અરજદારોને તથા ઉતરોતર ખરીદનારાઓને બંધનકર્તા રહેશે અને ખરી હકિકત કે કાયદેસરનાં પુરાવા છુપાવીને આ મંજુરી મેળવ્યાનું જાહેર થશે તો આ હુકમ રદ કરી શકાશે.

33. સવાલવાળી જમીનમાંથી ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડની ૧૩૨ કે.વી. વીજલાઈન પસાર થતી હોય ઈન્ડિયન ઈલેકટ્રીસીટી રૂલ્સ–૧૯૮૫ મુજબ વીજલાઈનના સેન્ટરથી બંને બાજુ ૧૩–૫૦ મીટરનાં અંતર સુધી બાંધકામ કરી શકાશે નહી. તેમજ ભવિષ્યમાં જયારે જરૂર પડે ત્યારે વીજલાઈનનું સમારકામ કરવા દેવાનું રહેશે.

ઉપરોકત બિનખેતી આકારની નોંધ ગામ તથા તાલુકા દફતરે તેમજ સનંદમાં કરવાની રહેશે. સનંદ નમુના "એમ" માં મામલતદારશ્રી, રાજકોટ તાલુકાએ અપીલ પીરીયડ પુરો થયા બાદ તૈયાર કરી અત્રે મોકલી આપવાની રહેશે. ગામ તથા તાલુકા દફતરે દાખલો રાખવો. અરજદારે ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

રવાના કર્યુ
૧૮/૧૨

મામલતદાર
બિનખેતી શરતભંગ,
રાજકોટ

સહી/–––––––––
(મનીષા ચંદ્રા)
કલેકટર
રાજકોટ જીલ્લા
રાજકોટ

:: By. Registered A.D. ::
(પ્લાન સાથે)
પ્રતિ,
શ્રી નરેન્દ્રસિંહ દશરથસિંહ જાડેજા
મું.ઘંટેશ્વર,
જામનગર રોડ,
તા.જી.રાજકોટ.

નકલ રવાના ::–

1. નાયબ કલેકટરશ્રી, રાજકોટ શહેર–૨, રાજકોટ
2. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી વિકાસ સતામંડળ, રાજકોટ
3. જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, રાજકોટ–માપણી ફી ભર્યાની પહોંચ / ચલણની નકલ સામેલ છે. સવાલવાળી જમીનની માપણી થયે આધારો મોકલી આપવા સારૂ.
4. મામલતદારશ્રી, રાજકોટ તાલુકા–હુકમ મુજબ અમલ કરવા તથા નોંધ પ્રમાણિત થયે તુરંત આધાર મોકલી આપવા વિનંતી છે.
5. સીટી સર્વે ઓફીસરશ્રી, રાજકોટ
6. તાલુકા વિકાસ અધિકારીશ્રી, રાજકોટ
7. નાયબ મામલતદારશ્રી, ઈ–ધરા ૯/૦.મામલતદાર કચેરી, રાજકોટ તાલુકા–હુકમ મુજબ બિનખેતી રૂપાંતર અંગે શરતોની અમલવારી સાથે પત્રક–૧ અનુસાર પ્લોટ, ક્ષેત્રફળ, આકાર સહિતની ગામ દફતરે નોંધ કરવા સારૂ.
8. તલાટીશ્રી, ઘંટેશ્વર ૯/૦ મામલતદાર કચેરી, રાજકોટ તાલુકા – હુકમ મુજબ અમલવારી કરવા તથા ગામ દફતરે હુકમ મુજબ નોંધ પ્રમાણીત થયે તુરંત આધાર અત્રે મોકલી આપવા સારૂ.
9. પરિશિષ્ટ–પની ફાઈલે.
10. આ કચેરીની રેકર્ડ શાખા.

RATNAM ENTERPRISE
PARTNERS

આ કચેરીના હુકમ નં.એનએ–લેરેકોક–૬૫–કેસ નં.૧૧૪/૧૪–૧૫, તા.૧૬/૧૨/૨૦૧૪ સાથે જોડવાનું પત્રક–૧

(આકાર રૂા.૦–૨૫ પૈસા મુજબ નજીકનાં દશાંશમાં વસુલ કરવા)

પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.	આકાર રકમ રૂા.	પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.	આકાર રકમ રૂા.	પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.	આકાર રકમ રૂા.	પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.	આકાર રકમ રૂા.
1	302.23	75.56	27	55.92	13.98	53	298.99	74.75	79	55.92	13.98
2	63.09	15.77	28	59.85	14.96	54	302.23	75.56	80	55.92	13.98
3	61.04	15.26	29	88.80	22.20	55	63.09	15.77	81	61.04	15.26
4	61.04	15.26	30	67.94	16.99	56	61.04	15.26	82	61.04	15.26
5	61.04	15.26	31	55.92	13.98	57	61.04	15.26	83	61.04	15.26
6	61.04	15.26	32	55.92	13.98	58	61.04	15.26	84	61.04	15.26
7	61.04	15.26	33	55.92	13.98	59	61.04	15.26	85	61.04	15.26
8	61.04	15.26	34	61.04	15.26	60	61.04	15.26	86	61.04	15.26
9	61.04	15.26	35	61.04	15.26	61	61.04	15.26	87	61.04	15.26
10	61.04	15.26	36	61.04	15.26	62	61.04	15.26	88	61.04	15.26
11	61.04	15.26	37	61.04	15.26	63	61.04	15.26	89	63.09	15.77
12	61.04	15.26	38	61.04	15.26	64	61.04	15.26	90	63.09	15.77
13	61.04	15.26	39	61.04	15.26	65	63.09	15.77	91	61.04	15.26
14	63.09	15.77	40	61.04	15.26	66	63.09	15.77	92	61.04	15.26
15	63.09	15.77	41	63.09	15.77	67	61.04	15.26	93	61.04	15.26
16	61.04	15.26	42	63.09	15.77	68	61.04	15.26	94	61.04	15.26
17	61.04	15.26	43	61.04	15.26	69	61.04	15.26	95	61.04	15.26
18	61.04	15.26	44	61.04	15.26	70	61.04	15.26	96	61.04	15.26
19	61.04	15.26	45	61.04	15.26	71	61.04	15.26	97	61.04	15.26
20	61.04	15.26	46	61.04	15.26	72	61.04	15.26	98	61.04	15.26
21	61.04	15.26	47	61.04	15.26	73	61.04	15.26	99	61.04	15.26
22	61.04	15.26	48	61.04	15.26	74	55.92	13.98	100	63.09	15.77
23	61.04	15.26	49	61.04	15.26	75	55.92	13.98	101	302.23	75.56
24	61.04	15.26	50	61.04	15.26	76	55.92	13.98			
25	61.04	15.26	51	61.04	15.26	77	63.68	15.92			
26	61.04	15.26	52	63.09	15.77	78	61.04	15.26			

વિગત	ક્ષેત્રફળ ચો.મી.	આકાર રકમ રૂા.
TOTAL PLOT NO.1 TO 101	7141.19	1785.30
COMMON PLOT OF NET AREA	986.58	246.65
INTERNAL ROAD AREA	1736.63	434.16
PROPOSED T.P.ROAD & RESERVATION	5311.60	0.00
TOTAL LAND AREA	15176.00	2466.11

રવાના કર્યુ
૧૬/૧૨

મામલતદાર
બિનખેતી શરતભંગ
રાજકોટ

સહી /————
(મનીષા ચંદ્રા)
કલેકટર
રાજકોટ જિલ્લા
રાજકોટ

RATNAM ENTERPRISE.

PARTNERS.

૨૦૨૩

નકલ નંબર નરેન્દ્રસિંહ જશરાજસિંહ.

અરજી તારીખ ૨૦/૧/૨૪

કચેરીમાં ૧૮

અરજી તૈયાર ૨૦/૧/૨૪

ખરી નકલ ૨૧/૧૨

ખરી નકલનાં પાનાની સંખ્યા ૬

રૂા. પૈ

નકલ ફીની રકમ રૂા. ૬

મુકાબલ ફીની રકમ રૂા. ૬

રેકર્ડ શોધવાની ફી રૂા. —

૨

૧૩

નકલ તૈયાર કરનારની સહી

નકલ મુકાબલ કરનારની સહી

કલેક્ટર રાજકોટ

COLLECTOR, RAJKOT DIST.
GUJARAT STATE

RATNAM ENTERPRISE

PARTNERS.